૧૭૧૫

નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં વિવિધ પ્રકારની પાઇપલાઇન નાંખવા માટેની મંજૂરીની શરતો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ડબલ્યુટીઆર/૧૦૯૭/૧૦૮૩/૨૨/પી
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 8/5/2009

પ રિ પ ત્રઃ -

રાજયમાં વિવિધ કંપનીઓ, એકમો, સંસ્થાઓ, રાજય અને કેન્દ્ર સરકારના જાહેર સાહસો વિગેરે તરફથી કુદરતી ગેસ પરિવહન, એફલ્યુઅન્ટ પરિવહન, ક્રુડ ઓઇલ તેમજ પાણી વહન કરતી પાઇપ લાઇનો નાંખવા માટે આવી પાઇપ લાઇનની પથરેખામાં આવતી નોટીફાઇડ નદીઓ, નહેરો, નાળાં, ડ્રેઇન્સ વિગેરેને ક્રોસ કરવા માટે જરૂરી મંજૂરી આપવાની દરખાસ્તો મળે છે. જે અંગે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીઓ તરફથી આવી દરખાસ્તની ચકાસણી કરી તેમના તરફથી મળતી ભલામણો/અભિપ્રાય મુજબ માંગણી થયા મુજબ આવા ક્રોસીંગ માટે સરકારશ્રીમાંથી સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. આવી દરખાસ્તની સાથોસાથ નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન પસાર કરવા દેવા માટે પણ મંજૂરી માંગવામાં આવે છે. નહેરોને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવા માટે કોઇ અલગ ઠરાવ અમલી ન હોઇ અત્યાર સુધી આ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ સીએમઇ/૨૦૦૩/૪૮૮/૧૦/પી, તા.૨૧-૧૦-૦૪થી નક્કી થયેલ ક્રોસિંગની શરતોને આધિન મંજૂરીઓ આપવામાં આવે છે.

નહેરોને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવા દેવા માટે અલગથી શરતો નક્કી કરવા બાબત વિચારણા હેઠળ હતી.

ઉકત તમામ બાબતો ધ્યાનમાં લઈને, નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવાની આ પ્રકારની મંજૂરીના તમામ કિસ્સાઓમાં એકસુત્રતા જળવાય તે હેતુથી, આ માટે લેવાની થતી રકમની નીતિનો અમલ શરૂ કરીને હવે આ અંગેની પરવાનગીની દરખાસ્તો અંગે અહેવાલ/ભલામણ મોકલતી વખતે નીચે દર્શાવેલ શરતો તથા આ સાથે સામેલ Annexure - 1 મુજબની શરતો આમેજ કરી સ્વયંસ્પષ્ટ દરખાસ્ત સરકારશ્રીમાં સૈધ્ધાંતિક મંજૂરી અર્થે રજૂ કરવા સિંચાઇ વ્યવસ્થા સાથે સંકળાયેલ તમામ અધીક્ષક ઇજનેરશ્રીઓને જણાવવામાં આવે છે.

(૧) નોટીફાઇડ નદીઓ, નહેરો, નાળાં, ડ્રેઇન્સ ક્રોસીંગ તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવા માટેની મંજૂરી જે તે સંસ્થા/એકમ/યુનિટ તરફથી અધીક્ષક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રીને સીધી રજૂઆત મળે ત્યારે તેમજ સરકારશ્રીને મળતી રજૂઆતો અંગે અહેવાલ માંગવામાં આવે ત્યારે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીએ માંગણીવાળા રૂટમાં આવતા તમામ ક્રોસિંગ તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન માટેની સ્થળ ચકાસણી કરી અલગ અલગ દરખાસ્ત દીઠ બધી દરખાસ્ત માટે એક સાથે મંજૂરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૨) ક્રોસીંગની તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવાની મંજૂરીની માંગણી રજૂ કરનાર સંસ્થા/એકમ તરફથી સૂચિત પાઇપ લાઇનના રૂટ પર આવતાં તમામ ક્રોસીંગની તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇનની મંજૂરી માટે એકજ દરખાસ્તમાં એકજ સાથે મંજૂરી માંગવામાં આવતી નથી. આ રૂટ પરના કેટલાક ક્રોસીંગની તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇનની મંજૂરી મળ્યા બાદ તે જ રૂટ પર આવતા તે જ સંસ્થા/એકમની પાઇપ લાઇનના બાકી રહી ગયેલા ક્રોસીંગની તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇનની પાછળથી મંજૂરી માંગવામાં આવે છે જેના કારણે કામગીરી બેવડાય છે. તેથી, આવી મંજૂરી માટેની માંગણી થતાં, જે તે સંસ્થા/એકમ પાસેથી તેમની સૂચિત પાઇપ લાઇનના રૂટ પર આવતા કોઇ ક્રોસીંગ તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇનની દરખાસ્ત બાકી રહેતી નથી તેવી લેખિત ખાતરી મેળવી લેવી તથા સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રીએ પણ રૂટ સર્વે કરીને તમામ ક્રોસીંગ તથા નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન આમેજ કર્યા બાદ જ દરખાસ્ત રજૂ કરવી.

(૩) સરકારશ્રી તરફથી સૈધ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ, સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીએ ક્રોસીંગ દીઠ તેમજ નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન દીઠ વિગતવાર મંજૂરી તેમના સ્તરેથી તુરત જ આપવી તથા પરવાનેદાર સંસ્થા સાથે તાત્કાલિક કરારનામુ કરી લેવું. કરારનામુ સરકાર કક્ષાએથી મંજૂર કરવાનું રહેતુ નથી. કરારનામાની પ્રક્રિયા ગુજરાત પબ્લિક વર્કસ મેન્યુઅલ તથા કોમ્પેડીઅમ ઓફ પાવર્સની જોગવાઈઓ મુજબ સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રીએ તેમના સ્તરેથી કરવાની રહેશે.

(૪) મંજૂરી મળ્યા બાદ, પરવાનેદાર સંસ્થા/એકમ પાસેથી લેવાના થતા તમામ સરકારી લેણાં વસુલ લીધા પહેલાં તથા કરારનામુ કર્યા પહેલા કોઇપણ સંજોગોમાં ક્રોસિંગની/ સમાંતર પાઇપ લાઇન નાંખવાની કામગીરી શરૂ કરવા દેવી નહીં. તેમ થશે તો તે અંગેની જવાબદારી સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીની રહેશે.

(૫) પાઇપ લાઇન નાંખવા માટે કરવાના થતા ખોદાણ કામની પહોળાઇ અને ઉંડાઇ, પાઇપની સાઇઝ તેમજ જમીનના પ્રકાર જેવા કે સેન્ડી, હાર્ડ મુરમ વગેરેને આધારિત હોય છે. તેથી ખોદાણ કામનું નિયતીકરણ શકય નથી. પરંતુ, પાઇપની બહારની ટોચની સપાટી ઉપર ઓછામાં ઓછુ એક મીટર માટીનું કવર રહે તે રીતે, પાઇપ લાઇન નાંખવાની રહેશે. જયારે નહેર સંપૂર્ણપણે કે આંશિક પણે પુરાણમાં (Banking) માં હોય ત્યારે પાઇપ લાઇનની બહારની ટોચની સપાટી બાજુની જમીનની સપાટી કરતા એક મીટર નીચી રહે તે રીતે પાઇપ લાઇન નાંખવાની રહેશે કે જેથી પુરાણના હાઇડ્રોલીક ગ્રેડ લાઇન ( Hydraulic grade line) ને આંતરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

(૬) પાઇપ લાઇન નાંખતી વખતે નહેરને નુકસાન ન થાય તે માટે પાઇપ લાઇન નહેરથી બની શકે તેટલી દૂર એટલે કે સંપાદિત કરેલ નહેરની જમીનની પહોળાઇના અંત ભાગમાં નાંખવાની રહેશે તથા નહેરને નુકસાન ન થાય તે માટેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૭) રાજયમાંથી પસાર થતી ગેસ પાઇપ લાઇન કે ઓઇલ પાઇપ લાઇનને જયારે નવી નહેરો કે રસ્તા ક્રોસ કરવાના થાય છે ત્યારે ખૂબ જ નાની પાઇપ લાઇન ક્રોસ કરવા માટે કરોડો રૂપિયાના સ્ટ્રકચર રાજય સરકારના ખર્ચે બનાવવાનો આગ્રહ જે તે કંપનીઓ/સંસ્થાઓ દ્વારા રાખવામાં આવે છે, તે યોગ્ય નથી. તેથી આવી પાઇપ લાઇનો રાજયની હદમાં નાંખવા બાબતે એવી શરત રાખવામાં આવે છે કે, ભવિષ્યમાં રાજય સરકારના વિકાસના કામો જેવા કે નહેરો, રસ્તા વગેરે કરતી વખતે જો આવી પાઇપ લાઇનો ક્રોસ કરવાની થાય તો તે માટે જરૂરી સ્ટ્રકચર્સ બનાવવાનો તમામ ખર્ચ જે તે પાઇપ લાઇન ધરાવતી કંપની/સંસ્થા એકમે જ ભોગવવાનો રહેશે.

(૮) નહેરને સમાંતર પાઇપ લાઇન નાંખવા દેવા માટે નીચે પ્રમાણેની બે પ્રકારની કેટેગરી પાડવામાં આવે છે.

(અ) જળસંપત્તિ પ્રભાગના ઉપભોકતા હોય તેવા એટલે કે, વિભાગ દ્વારા અપાયેલ મંજૂરી અન્વયે ઉપરવાસમાં ઓફ ટેઇક પોઇન્ટમાંથી પાણી લેતાં હોય અને પોતાની જરૂરિયાતના સ્થળે પાણીનો જથ્થો પહોંચાડવાના ભાગરૂપે જળસંપત્તિ પ્રભાગની નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં પાઇપ લાઇન નાંખવા માંગતા હોય તેવા એકમો.

(બ) જળસંપત્તિ પ્રભાગના ઉપભોકતા ન હોય તેવા ઓઇલ પાઇપ લાઇન/ ગેસ પાઇપ લાઇન/એફલ્યુઅન્ટ પાઇપ લાઇન/ પાણી વહન કરતી પાઇપ લાઇન નહેરને સમાંતર નહેરની સંપાદિત જમીનમાં નાંખવા માંગતા એકમો.

૯) ઉપર પ્રમાણના બે કેટગરી પાડી તેના માટેના દરો નીચે મુજબ નક્કી કરેલ છે..

(અ) જળસંપત્તિ પ્રભાગના ઉપભોકતા હોય તેવા એકમો માટેઃ

| | |
|---|---|
| વન ટાઇમ રીસ્ટોરેશન ચાર્જ (નોન રીફન્ડેબલ સીકયોરીટી ડિપોઝીટ) | ૧૦૦ રૂા. પ્રતિ મીટર |
| વાર્ષિક ભાડાની રકમ (વર્ષ ૨૦૦૮-૦૯) | ૨૦ રૂા. પ્રતિ મીટર |
| વાર્ષિક મરામત અને જાળવણીની રકમ (વર્ષ ૨૦૦૮-૦૯) | ૨૦ રૂા. પ્રતિ મીટર |

બ) જળસંપત્તિ પ્રભાગના ઉપભોકતા ન હોય તેવા એકમો માટેઃ

| | |
|---|---|
| વન ટાઇમ રીસ્ટોરેશન ચાર્જ (નોન રીફન્ડેબલ સીકયોરીટી ડિપોઝીટ) | ૨૦૦ રૂા. પ્રતિ મીટર |
| વાર્ષિક ભાડાની રકમ (વર્ષ ૨૦૦૮-૦૯) | ૪૦ રૂા. પ્રતિ મીટર |
| વાર્ષિક મરામત અને જાળવણીની રકમ (વર્ષ ૨૦૦૮-૦૯) | ૪૦ રૂા. પ્રતિ મીટર |

આ બાબતે અન્ય હૂકમો ન થાય ત્યાં સુધી, ઉપરોક્ત દરોમાં વર્ષ ૨૦૦૮-૦૯ બાદ એટલેકે તા.૧ લી એપ્રીલ ૨૦૦૯થી અમલી બને તે રીતે પ્રતિ વર્ષ ૧૦% લેખે ઉત્તરોત્તર વધારો કરવાનો રહેશે.

(૧૦) આ પરિપત્ર સાથે સામેલ Annexure - 1 ની તમામ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.ડી.પરમાર)

બિડાણઃ- Annexure - 1

ઉપસચિવ(જળસંપત્તિ)

નર્મદા,જ.સં.,પા.પુ. અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- નર્મદા,જળસંપત્તિ, પા.પુ. અને કલ્પસર વિભાગ હેઠળના તમામ સચિવશ્રીઓ
- નર્મદા,જળસંપત્તિ, પા.પુ.અને કલ્પસર વિભાગ હેઠળના તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત /નર્મદા તથા પાણી પુરવઠા સિવાય)
- નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના તમામ મુખ્ય ઈજનેરશ્રીઓ
- નાણાં શાખા (સિં.ચો), બ્લૉક નં:૯,ત્રીજો માળ, સચિવાલય ,ગાંધીનગર.
- મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા, જ.સં., પા.પુ. અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ પરિપત્ર આ વિભાગની વેબ-સાઈટ ઉપર મૂકવા સારૂં)

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા. /૧૨/૨૦૦૮ ના
પરિપત્ર ક્રમાંક ડબલ્યુટીઆર/૧૦૯૭/૧૦૮૩/૨૨/પી નું બિડાણ

## Appendix-I

**The conditions to be fulfilled by the company for laying gas/Oil/crude/effluent/water pipe line, parallel to canals in the acquired land for canal**

(1) The licensee shall have to enter in to an agreement with Government.

(2) The licensee shall have to lay gas/Oil/crude/effluent/water pipe line, parallel to canals in the acquired land for canal by providing casing pipe over gas/oil/crude/effluent/water pipe line which shall be completely leak proof.

(3) The licensee shall not commence the work of laying gas/Oil/crude/effluent/water pipe line, parallel to canals in the acquired land for canal, any alteration or any repairs to the pipe line without prior permission in writing of the concerned Executive Engineer in charge.

(4) The licensee shall have no right or interest whatever in or over the said canals width except it can enter upon the same for the purpose of carrying out necessary operation on pipeline during continuation of agreement.

(5) The licensee shall be solely liable for any loss or injury which any person/crops may sustain by reason of any defect, leakage or want of repairs of any of the said pipeline or as a result of any carelessness or negligence or misconduct of its employee in laying, repairing or removing the said pipeline.

(6) Narmada Water Resources & Water Supply Department does not take any responsibility of preservation of the company's property from injury due to floods in rivers//canals/nallas/drains or any natural calamities.

(7) The licensee has to lay pipeline as per the approved plan and the plan and estimates will has to be got approved from Central Design Organization. (C.D.O.)

(8) The licensee will have to provide detailed planning of works and will have to furnish the same to the department as early as possible as per plan.

(9) The department will be authorized to ensure the quality of work and materials used for the same.

(10) The quantum of existing spoil bank kept at present is retained. The Executive Engineer to ensure the above and after suitably working the above requirements on drawings, the sketch can be approved for construction purposes.

(11) In the event of any necessity or any other alteration in alignment of canal or due to other reasons which necessitate removal and relaying of the said pipeline and such other ancillary works of shifting of the said canal line, the cost of such removal relaying or shifting of said pipeline shall be borne by the licensee.